# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-07-2024** **Midday : 1.20 to 1.30**

**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*********************************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બજેટ સંદર્ભે વરિષ્ઠ અર્થશાસ્ત્રીઓ સાથે બેઠક કરશે.
- ✓ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે મહારાષ્ટ્ર વિધાનસભાના બંને ગૃહોને સંયુક્ત સંબોધન કરશે.
- ✓ કથિત ગેરરીતિ બાદ NEET – UG ની પુન: પરીક્ષાની માંગણી કરતી અરજી પર સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી.
- ✓ બિમ્સટેકના વિદેશ મંત્રીઓના બીજા સંમેલનનો આજથી નવી દિલ્હીમાં પ્રારંભ.
- ✓ શ્રીલંકાના નૌકાદળે 13 ભારતીય માછીમારોની ધરપકડ કરી.
- ✓ ...અને દક્ષિણ ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહી.

*********************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM BUDGET _UPDATED

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં જાણીતા અર્થશાસ્ત્રીઓ સાથે સંવાદ કરશે. શ્રી મોદી આગામી કેન્દ્રીય બજેટ પર પોતાના વિચાર અને સૂચનો રજૂ કરશે. બેઠકમાં વરિષ્ઠ અર્થશાસ્ત્રીઓ, વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો ઉપરાંત નીતિ આયોગના ઉપાધ્યક્ષ સુમન બેરી સહિતના અન્ય સભ્યો ભાગ લેશે.**

ઉલ્લેખનીય છે કે, આગામી 22મી જુલાઈથી સંસદનુ બજેટ સત્ર રજૂ થશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ 23મી જુલાઈએ લોકસભામાં કેન્દ્રીય બજેટ રજૂ કરશે. એનડીએ સરકારના ત્રીજા કાર્યકાળનું આ પ્રથમ બજેટ છે.

ઉલ્લેખનીય છે કે, શ્રી મોદી આજે સવારે રશિયા અને ઑસ્ટ્રિયાના ત્રણ દિવસીય પ્રવાસ બાદ પરત ફર્યા છે.

# PM AUSTRIA ROUND UP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઑસ્ટ્રિયા પ્રવાસને ઐતિહાસિક ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, આ પ્રવાસથી બંને દેશો વચ્ચેની મિત્રતા ગાઢ બની છે. ઑસ્ટ્રિયા યાત્રાના સમાપન પ્રસંગે તેમણે ઑસ્ટ્રિયાના લોકોના આતિથ્ય અને સ્નેહ માટે ચાન્સેલર કાર્લ નેહમર અને ઑસ્ટ્રિયા સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. વિયેનામાં ઑસ્ટ્રિયાના ચાન્સલર નેહમર સાથેની મુલાકાત બાદ શ્રીમોદીએ કહ્યું કે ભારત અને ઑસ્ટ્રિયા વચ્ચેના દ્વીપક્ષીય સંબંધો અને રાજદ્વારી નીતિ સંદર્ભેના નિર્ણયો લેવાયા છે.

વધુમાં તેમણે જણાવ્યુ કે, બંને દેશમાં પરસ્પર સહકારને સશક્ત બનાવવા માટે નવી તકોની ઓળખ કરાઈ છે. ઑસ્ટ્રિયાના ચાન્સેલર સાથેના સંયુક્ત સંબોધનમાં શ્રી મોદીએ કહ્યું કે, તેમણે પશ્ચિમ એશિયાની સ્થિતિ કે યુક્રેનના સંઘર્ષ સહિત વિશ્વની હાલની ભૂ-રાજકીય સ્થિતિ પર વિસ્તૃત ચર્ચા કરી હતી.

# DAY VP- MAHARASHTRA

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે મહારાષ્ટ્ર વિધાનસભાના બંને ગૃહોને સંયુક્ત સંબોધન કરશે. ઉપરાષ્ટ્રપતિ મહારાષ્ટ્રના એક દિવસીય પ્રવાસે છે, તેઓ અહીં નરસી મોન્જી પ્રબંધન સંસ્થાનના વિદ્યાર્થીઓને સંબોધશે. ઉપરાંત રાજભવનની મુલાકાત પણ લેશે.

# NEET – UG SC

નીટ – યૂજી પેપરમાં કથિત ગેરરીતિ મામલાની સુનાવણી સર્વોચ્ચ અદાલતમાં થઈ રહી છે. ગઈકાલે કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય પરિક્ષા સંસ્થા- NTAએ સોગંદનામું દાખલ

કર્યું હતું. અગાઉ આઠમી જુલાઈના રોજ આ કેસમાં થયેલી સુનાવણીમાં સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર અને NTAને આ મામલે વિસ્તૃત અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપ્યા હતા.

કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, IIT મદ્રાસના નિષ્ણાતો દ્વારા માહિતીનું પૃથ્થકરણ કરાયું છે, જે અનુસાર પરીક્ષામાં મોટા પાયે ગેરરિતિના કોઈ જ સંકેત નથી. નીટ પેપર લીકના ટેલિગ્રામ ગ્રૂપમાં ફરી રહેલા વાઇરલ વીડિયો નકલી હોવાનું NTAએ અદાલતને જણાવ્યું હતું.

કેન્દ્ર અને NTA એ તેમના વલણનો પુનરોચ્ચાર કર્યો હતો કે, સમગ્ર પરીક્ષાની વિશ્વસનીયતા સાથે કોઈ ચેડાં નથી થયા, કે જેથી પુનઃપરીક્ષાની ખાતરી આપી શકાય.

સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડ સહિત ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠ વિદ્યાર્થીઓ દ્વારા પુન: પરીક્ષા કરાવવા સંદર્ભેની વિવિધ અરજીઓની સુનાવણી કરી રહી છે.

# BIMSTEC SAMMELAN

બંગાળની ખાડી બહુ-ક્ષેત્રીય તકનિકી અને આર્થિક સહકાર માટેની પહેલ એટલે કે બિમ્સટેકના વિદેશ મંત્રીઓનું બીજું સંમેલન આજથી નવી દિલ્હીમા શરૂ થશે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આ કાર્યક્રમમાં બિમ્સટેકના વિદેશ મંત્રીઓની યજમાની કરશે.

આ આયોજન બિમ્સટેક સમૂહના સભ્યોને બંગાળની ખાડી વિસ્તાર અને દરિયાકાંઠાના વિસ્તારોમાં સુરક્ષા, સંપર્ક, વેપાર અને રોકાણ સહિત વિવિધ ક્ષેત્રમાં સહયોગને વ્યાપક અને મજબૂત કરવાની તક પૂરી પાડશે.

દરમિયાન થાઈલેન્ડના વિદેશ મંત્રી મેરિસ સંગિયામપોંગસા બિમ્સટેક વિદેશ મંત્રીઓની બીજી પરિષદમાં ભાગ લેવા માટે દિલ્લી પહોંચ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યા પ્રમાણે ભારત બિમ્સટેકના વર્તમાન અધ્યક્ષ તરીકે થાઈલેન્ડની રચનાત્મક ભૂમિકાને મહત્ત્વ આપે છે અને બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા માટે ઉત્સુક છે. પહેલી પરિષદ ગત વર્ષે જુલાઈમાં થાઈલેન્ડના બેન્કોક ખાતે યોજાઇ હતી.

# J&K – TERRORIST

જમ્મૂ કાશ્મીરના કઠુઆમાં સૈન્ય કાફલા પર થયેલા આતંકી હુમલા સામેની જવાબી કાર્યવાહી રૂપે કાશ્મીરમાં મોટાપાયે તપાસ ચાલી રહી છે. સુરક્ષા દળોએ આ મામલે 20 લોકોની અટકાયત કરી છે.

કઠુઆ, ભાડેરવાહ, ઉધમપુર આસપાસના વિસ્તારોમાં મોટા પાયે તપાસ અભિયાન ચાલી રહ્યું છે. પોલીસ, સેના અને અર્ધ લશ્કરી દળોની સંયુક્ત ટીમો હુમલા આસપાસના જંગલોમાં સઘન તપાસ કરી રહ્યા છે.

ઉધમપુર, સામ્બા, રાજૌરી અને પૂંછના જંગલીય વિસ્તારોમાં સેના અને પોલીસની ટુકડીઓ તૈનાત કરાઈ છે. સાંબાના લાલ ચાક, રાજૌરીના મન્જાકોટ અને પૂંછના સુરાનકોટમાં પણ તપાસ અભિયાન શરૂ કરાયું છે. આ તપાસ દળો હેલિકોપ્ટર અને UAV સર્વેલન્સ, ઉપરાંત સ્નીફર ડોગ અને મેટલ ડિટેક્ટર જેવા સાધનો સાથે ગાઢ જંગલોમાં સઘન તપાસ કરી રહ્યા છે.

# N h m

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે મેડિકલ કોલેજમાં પરિવર્તિત કરાયેલી જિલ્લા અને રેફરલ હોસ્પિટલોને કેન્દ્ર સરકાર તરફથી ભંડોળ મળતું રહેશે તેવી સ્પષ્ટતા કરી છે. કેન્દ્રીય આરોગ્ય સચિવ અપૂર્વ ચંદ્રાએ આ અંગે 4 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખ્યો છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે હાલમાં 157 મેડિકલ સાયન્સ કોલેજોમાંથી 108એ કામ શરૂ કરી દીધું છે. 157 માન્ય કોલેજોમાંથી 40 કોલેજો મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં આવેલી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે જિલ્લા હોસ્પિટલોને અપગ્રેડ અને મજબૂત કરવા અને નવી મેડિકલ કોલેજો ખોલવા માટે કેન્દ્રીય પ્રાયોજિત યોજનામાંથી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. સરકાર મેડિકલ કોલેજોની

સંખ્યા વધારવા માટે નક્કર પ્રયાસો કરી રહી હોવાનું આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું. હાલમાં દેશમાં સાતસો છ મેડિકલ સાયન્સ કોલેજો છે.

# MID BREAK NEWS NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો...

# TN- FISHERMEN

શ્રીલંકાના નૌકાદળે 13 ભારતીય માછીમારોની ધરપકડ કરી છે, તેમને કનકેસંથુરાઈ બંદરે લઈ જવાયા છે. પુડુકોટ્ટાઈના માછીમારો કાચાથીવુ નજીક માછીમારી કરી રહ્યા હતા, ત્યારે શ્રીલંકન નૌકાદળ દ્વારા તેમની ધરપકડ કરાઇ હતી.

શ્રીલંકાના નૌકાદળે ગત પહેલી જુલાઈએ પણ આંતરરાષ્ટ્રીય જળસીમામાં 25 ભારતીય માછીમારોને પકડ્યા હતા.

# IMD WEATHER

નેઋત્ય ચોમાસું દેશના મોટાભાગના રાજ્યોને આવરી ચૂક્યું છે. ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોમા ભારે વરસાદને પગલે મુશ્કેલ પરિસ્થિતિ સર્જાઈ છે. દરમિયાન હવામાન વિભાગે ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, સિક્કીમ, બિહારમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

દક્ષિણ અને ઉત્તર ગુજરાતનાં કેટલાંક ભાગો ઉપરાંત આસામ મેઘાલય, અરૂણાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ, વિદર્ભ, દક્ષિણ પૂર્વીય રાજસ્થાન, લક્ષદ્વીપ, કોંકણ, ગોવા, તટિય કર્ણાટક, તેલંગાણાના કેટલાક ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે.

ઉપરાંત હિમાચલ પ્રદેશ, આંદમાન અને નિકોબાર ટાપુ, મધ્ય પ્રદેશ, પૂર્વોત્તર ભારત, મરાઠાવાડા, મધ્ય મહારાષ્ટ્ર અને કેરળના કેટલાક ભાગોમાં હળવા વરસાદની શક્યતા છે.

# UP – FLOOD

ઉત્તર પ્રદેશમાં પૂરને પગલે છેલ્લા 24 કલાકમાં વધુ 22 લોકોનાં મૃત્યુ થયાં છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શ્રવસ્તીના પૂર પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી હતી. ઉત્તરપ્રદેશમાં અમારા સંવાદદાતા જણાવે છે કે, પ્રતાપગઢમાં 11, સુલ્તાન પુરમાં 6, જ્યારે ચંદૌલીમાં પાંચ લોકોના મૃત્યુ થયા હતા.

# ASSAM FLOOD

પૂર અસરગ્રસ્ત આસામમાં સ્થિતિ સુધરી છે. રાજ્યની મોટાભાગની નદીઓ જોખમી સ્તરથી નીચે વહી રહી છે. પૂરને પગલે રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાકમાં વિવિધ ઘટનાઓમાં વધુ 24 લોકોના મોત થયા હતા.

# WORLD POPULATION DAY

આજે દેશ અને દુનિયાભરમાં વિશ્વ વસતી દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા છે. વિશ્વની વધતી જતી વસતીને કારણે સર્જાતી તકો તેમજ પડકારોને ધ્યાનમાં રાખીને પ્રતિ વર્ષ 11મી જુલાઈના રોજ આ દિવસ મનાવવામાં આવે છે.

વસતી સંદર્ભેની સમસ્યાઓના મહત્વ પર ધ્યાન કેન્દ્રીય કરવા હેતુથી 1989માં સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ અંતર્ગતની વ્યવસ્થાપન પરિષદ દ્વારા આ દિવસની મનાવવાની શરૂઆત કરાઈ હતી.

# PHILIPPINES-EARTHQUAKE

ફિલિપાઇન્સના સુલતાન કુદરત પ્રાંતમાં આજે સવારે સાતની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

ભૂકંપનું કેન્દ્રબિંદુ દક્ષિણ પશ્ચિમમાં 722 કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું. ફિલિપાઈન્સના બીજા સૌથી મોટા ટાપુ મિંડાનાઓ નજીકના પ્રાંતોમાં પણ આંચકા અનુભવાયા હતા, જો કે કોઈ નુકસાનના અહેવાલ નથી.

# INDONESIA RESCUE OP

ઇન્ડોનેશિયામાં અનધિકૃત સોનાની ખાણમા થયેલા ભૂસ્ખલનમા ફસાયેલા કામદારોની શોધ અટકાવી દેવાઈ છે. ગત રવિવારે સુલાવેસી ટાપુ પર વરસાદને

કારણે થયેલા ભૂસ્ખલનમાં લગભગ 23 લોકોના મોત અને 33 લોકો ગુમ થયાની પુષ્ટિ થઈ છે.

ઇન્ડોનેશિયાની રાષ્ટ્રીય શોધ અને બચાવ એજન્સીએ જણાવ્યા પ્રમાણે ખાણકામના સ્થળેથી 18 ઘાયલ લોકોને બચાવી લેવાયા હતા જ્યારે 92 ગ્રામવાસીઓ ભાગવામાં સફળ થયા હતા.

# AMARNATH YATRA

**અમરનાથ યાત્રાના આજે 12મા દિવસે 19 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફાના દર્શન કર્યા છે.**

**દરમિયાન આજે 4 હજાર 885 શ્રદ્ધાળુઓ પવિત્ર ગુફાના દર્શન માટે ભગવતીનગર યાત્રિ નીવાસ ખાતેથી રવાના થયા છે. જેમાં ત્રણ હજાર 22 પુરુષો, એક હજાર 86 મહિલાઓ, 14 બાળકો, 111 સાધુ અને 52 સાધવીઓ સામેલ છે.**